**GUJARAT BILL NO. 17 OF 2020.**

# THE FACTORIES (GUJARAT AMENDMENT) BILL, 2020.

## *A BILL*

*further to amend the Factories Act, 1948 in its application to the State of Gujarat.*

**સન ૨૦૨૦નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૭.**

## કારખાના (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૨૦.

## ગુજરાત રાજ્યને લાગુ પડતો હોય તેટલે સુધી કારખાના અધિનિયમ, ૧૯૪૮ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના એકોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

**૧.** (૧) આ અધિનિયમ કારખાના (ગુજરાત સુધારા) અધિનિયમ, ૨૦૨૦ કહેવાશે. **ટૂંકી સંજ્ઞા અને આરંભ.**

(૨) તે સન ૨૦૨૦ના જુલાઇ મહિનાની ૩જી તારીખે અમલમાં આવ્યો હોવાનું ગણાશે.

**સન ૧૯૪૮નો ૬૩મો.** **૨.** ગુજરાત રાજ્યને લાગુ પડતો હોય તેટલે સુધી કારખાના અધિનિયમ, ૧૯૪૮ (જેનો આમાં હવે પછી, “મુખ્ય અધિનિયમ” તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૨-માં, ખંડ (ત)માં,- **સન ૧૯૪૮ના ૬૩મા અધિનિયમ-ની કલમ ૨-નો સુધારો.**

(૧) પેટા-ખંડ (૧)માં, “દસ” એ શબ્દને બદલે, “વીસ” એ શબ્દ મૂકવો;

(૨) પેટા-ખંડ (૨)માં, “વીસ” એ શબ્દને બદલે, “ચાળીસ” એ શબ્દ મૂકવો.

સન ૧૯૪૮ના ૬૩મા અધિનિયમ-ની કલમ ૮૫-નો સુધારો.

**3.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૮૫-માં, પેટા-કલમ (૧)માં, ખંડ (૧)માં, "દસ" અને "વીસ" એ શબ્દોને બદલે, અનુક્રમે "વીસ" અને "ચાળીસ" એ શબ્દો મૂકવા.

સન ૧૯૪૮ના ૬૩મા અધિનિયમ-માં નવી કલમ ૧૦૬ખ દાખલ કરવા બાબત.

**૪.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૦૬-ક પછી, નીચેની કલમ દાખલ કરવી:-

ગુનાની માંડવાળ.

"**૧૦૬-ખ.** રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, સદરહુ જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલી રકમ માટે, તેવા અધિકારી અથવા સત્તામંડળે માંડવાળ કરવા જોઇશે તેવા ગુના નિર્દિષ્ટ કરી શકશે:

પરંતુ આવી રકમ, ગુના માટે નક્કી કરેલી દંડની મહત્તમ રકમ કરતાં વધારે હોવી જોઈશે નહિ:

વધુમાં,-

(ક) ફોજદારી કાર્યવાહી શરૂ કરતા પહેલાં, ગુનો એવી રીતે માંડવાળ કરવામાં આવ્યો હોય, ત્યારે ગુનેગાર, આવા ગુના માટેની ફોજદારી કાર્યવાહી માટે જવાબદાર રહેશે નહિ;

(ખ) ફોજદારી કાર્યવાહી શરૂ થયા પછી, ગુનો એવી રીતે માંડવાળ કરવામાં આવ્યો હોય, ત્યારે ગુનેગારને દોષમુકત કરીને માંડવાળ કરવામાં આવશે:

વળી, કારખાનામાં, પ્રકરણ ૪ અને પ્રકરણ ૪ ક-માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની જોખમી પ્રક્રિયા થતી હોય, તો કોઇપણ ગુનાની માંડવાળ કરવામાં આવશે નહિ.".

રદ કરવા બાબત અને અપવાદ.

**૫.** (૧) કારખાના (ગુજરાત સુધારા) વટહુકમ, ૨૦૨૦, આથી, રદ કરવામાં આવે છે.

સન ૨૦૨૦નો ગુજરાતનો વટહુકમ ક્રમાંક ૬ઠ્ઠો.

(૨) આવી રીતે રદ થવા છતાં, સદરહુ વટહુકમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું કોઇપણ કૃત્ય અથવા લીધેલું કોઇપણ પગલું, આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કર્યું હોવાનું અથવા લીધું હોવાનું ગણાશે.

## ઉદ્દેશો અને કારણો

કારખાના અધિનિયમ, ૧૯૪૮ની કલમ ૨-ના ખંડ (ત)ના પેટા-ખંડો (૧) અને (૨) હેઠળ, "કારખાના" ને કોઈ મકાન તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવ્યું છે, જેમાં તેની સ્થળહદોનો સમાવેશ થાય છે (૧) જેની અંદર દસ અથવા તેથી વધારે કામદારો કામ કરતા હોય અથવા અગાઉના બાર મહિનામાંના કોઈપણ દિવસે (દસ અથવા વધારે કામદારોએ) કામ કર્યું હોય, અને જેના કોઈ ભાગમાં, વીજળી શક્તિની મદદથી ઉત્પાદન પ્રક્રિયા થતી હોય અથવા સામાન્યતઃ એવી રીતે થતી હોય, અથવા (૨) જેની અંદર વીસ અથવા તેથી વધારે કામદારો કામ કરતા હોય અથવા અગાઉના બાર મહિનામાંના કોઈપણ દિવસે (વીસ અથવા વધારે કામદારોએ) કામ કર્યું હોય, અને જેના કોઈ ભાગમાં, વીજળી શક્તિની મદદ વિના ઉત્પાદન પ્રક્રિયા થતી હોય, અથવા સામાન્યતઃ એવી રીતે થતી હોય. વિદ્યમાન મર્યાદાને કારણે, નાના એકમોને પણ "કારખાના"ની વ્યાખ્યા હેઠળ આવરી લેવામાં આવ્યા છે. રાજ્યમાં નાના એકમો દ્વારા કરવામાં આવતી ઉત્પાદનની પ્રવૃત્તિઓમાં વધારો થવાને કારણે, "દસ" અને "વીસ" ની વિદ્યમાન અધિકતમ મર્યાદાને સુધારીને, અનુક્રમે "વીસ" અને "ચાળીસ" કરવા ધાર્યું છે, જેથી કરીને, નાના ઉત્પાદન એકમોની સ્થાપના કરવાને પ્રોત્સાહન આપી શકાય અને જેના પરિણામે કામદારો માટે વધુ રોજગારની તકો ઊભી કરી શકાય. તદનુસાર, અધિનિયમની વિદ્યમાન કલમ ૮૫ સુધારવા ધાર્યું છે.

કારખાના અધિનિયમ, ૧૯૪૮માં, ગુનાની માંડવાળ કરવા માટેની જોગવાઈ નથી અને તેના પરિણામ રૂપે ફોજદારી કેસોની સંખ્યામાં વધારો થઇ રહ્યો છે. ગુનાના ઝડપી નિકાલ કરવા અને દાવાની સંખ્યા ઘટાડવા માટે, નવી જોગવાઈ, એટલે કે ગુનાની માંડવાળ કરવા માટે, સન ૧૯૪૮ના સદરહુ કેન્દ્રીય અધિનિયમમાં કલમ ૧૦૬-ખ દાખલ કરવા પણ ધાર્યું છે.

ગુજરાત રાજયની વિધાનસભાનું સત્ર તે સમયે ચાલુ ન હોવાથી, ઉપર્યુકત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે, કારખાના (ગુજરાત સુધારા) વટહુકમ, ૨૦૨૦ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો.

આ વિધેયકથી, સદરહુ વટહુકમને સ્થાને રાજ્ય વિધાનમંડળનો અધિનિયમ મૂકવા ધાર્યું છે.

**દિલીપકુમાર ઠાકોર,**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયક, નીચેની બાબતોના સંબંધમાં, ધારાકીય સત્તાની સોંપણી માટેની જોગવાઈ કરે છે.

**કલમ ૪**.- આ કલમથી કારખાના અધિનિયમ, ૧૯૪૮માં દાખલ કરવા ધારેલી નવી કલમ ૧૦૬-ખ-થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, તેવા ગુના માટે નિયત કરેલી દંડની મહત્તમ રકમ કરતા વધારે નહિ તેટલી રકમ માટે, તેવા અધિકારી અથવા સત્તામંડળ દ્વારા માંડવાળ કરવા જોઇશે તેવા ગુના નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે:

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી, આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

**તારીખ: ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૨૦.** **દિલીપકુમાર ઠાકોર.**

## પુરવણી

## કારખાના અધિનિયમ, ૧૯૪૮

## (સન ૧૯૪૮ના ૬૩મા)માંથી ઉતારા.

---

**૨.** (ક) થી (ઢ) *** *** *** **અર્થ.**

(ત) "કારખાનું" એટલે, કોઇ મકાન તથા તેની સ્થળહદ-

(૧) જેની અંદર દસ અથવા વધારે કામદારો કામ કરતાં હોય અથવા આગલા બાર મહિનામાંના કોઇ દિવસે દસ અથવા વધારે કામદારોએ કામ કર્યું હોય, અને તેના કોઇ ભાગમાં ઉત્પાદન પ્રક્રિયા વીજળી શકિતની મદદથી થતી હોય, અથવા સામાન્યત : એવી રીતે થતી હોય, અથવા

(૨) જેની અંદર વીસ અથવા તેથી વધારે કામદારો કામ કરતા હોય અથવા આગલા બાર મહિનામાંના કોઇ દિવસે વીસ અથવા તેથી વધારે કામદારોએ કામ કર્યું હોય, અને તેના કોઇ ભાગમાં પ્રક્રિયા વીજળી શકિતની મદદ વિના થતી હોય અથવા સાધારણ રીતે એવી રીતે થતી હોય;

**સન ૧૯૫૨નો ૩૫-મો.** પણ, તેમાં, ખાણ અધિનિયમ, ૧૯૫૨ લાગુ પડતો હોય તેવી ખાણનો, અથવા સંઘના સશસ્ત્ર દળોના મોબાઇલ યુનિટ, રેલવે રનિંગ શેડ અથવા હોટેલ, રેસ્ટોરન્ટ અથવા ખાણીપીણીની જગ્યાનો સમાવેશ થતો નથી;

***સ્પષ્ટીકરણ ૧:*** આ કલમના હેતુઓ માટે કામદારોની સંખ્યા ગણવા માટે, દિવસમાં જુદા જુદા જૂથો અને ટુકડીઓમાંના તમામ કામદારોને ધ્યાનમાં લેવા જોઇશે.

***સ્પષ્ટીકરણ ૨:*** આ કલમના હેતુઓ માટે, ઇલેકટ્રોનિક ડેટા પ્રક્રિયા એકમ અથવા કોમ્પ્યુટર એકમની, કોઇ જગા અથવા તેના ભાગમાં સ્થાપના કરવામાં આવી હોય એવી હકીકત માત્રથી તે કારખાનું બનશે એવો અર્થ થશે નહિ, જો આવી જગા અથવા તેના ભાગમાં કોઇપણ ઉત્પાદન પ્રક્રિયા ચલાવવામાં આવતી ન હોય;

(થ) થી (પ) *** *** ***

**કેટલીક જગાઓને અધિનિયમ લાગુ પાડવાની સત્તા.**

**૮૫.** (૧) રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને એમ જાહેર કરી શકશે કે આ અધિનિયમની તમામ અથવા તે પૈકી કોઇ જોગવાઇ જે કોઇ જગામાં ઉત્પાદન પ્રક્રિયા વીજળી શકિતની મદદ વડે અથવા મદદ વિના ચલાવવામાં આવતી હોય તે કોઇ જગાને હેઠળ પ્રમાણે હોય તે છતાં, લાગુ પડશે-

(૧) શકિતની મદદ વડે કામ થતું હોય તો તેમાં કામે રાખેલી વ્યકિતઓની સંખ્યા દસ કરતાં ઓછી હોય અને શકિતની મદદ વિના કામ થતું હોય તો વીસ કરતાં ઓછી હોય, અથવા

(૨) તેમાં કામ કરતી વ્યકિતઓને તેના માલિકે કામે રાખી ન હોય પણ તેઓ તેવા કબજેદારની પરવાનગીથી કે તેની સાથેના કરારથી કામ કરતી હોય :

પરંતુ તેમાં માલિક માત્ર પોતાના કુટુંબની મદદથી ઉત્પાદન પ્રક્રિયા ચલાવતો હોવો ન જોઇએ.

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**[સન ૨૦૨૦નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૭.]**

**ગુજરાત રાજ્યને લાગુ પડતો હોય તેટલે સુધી કારખાના અધિનિયમ, ૧૯૪૮ વધુ સુધારવા બાબત વિધેયક.**

**[શ્રી દિલીપકુમાર ઠાકોર,**

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી.]**

**(સન ૨૦૨૦ના સપ્ટેમ્બર મહિનાની ૧૪મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)**

**ડી. એમ. પટેલ,**

સચિવ,

ગુજરાત વિધાનસભા.

**THE FACTORIES (GUJARAT AMENDMENT) BILL, 2020.**

**GUJARAT BILL NO. 17 OF 2020.**

***A BILL***

*further to amend the Factories Act, 1948 in its application to the State of Gujarat.*

It is hereby enacted in the Seventy-first Year of the Republic of India as follows:-

**1.** (1) This Act may be called the Factories (Gujarat Amendment) Act, 2020. **Short title and commencement.**

(2) It shall be deemed to have come into force on the 3rd July, 2020.

**Amendment of section 2 of LXIII of 1948.**

**2.** In the Factories Act, 1948, in its application to the State of Gujarat (hereinafter referred to as "the principal Act"), in section 2, in clause (m),- **LXIII of 1948.**

(i) in sub-clause (i), for the word "ten", the word "twenty" shall be substituted;

(ii) in sub-clause (ii), for the word "twenty", the word "forty" shall be substituted.

**Amendment of section 85 of LXIII of 1948.**

**3.** In the principal Act, in section 85, in sub-section (1), in clause (i), for the words "ten" and "twenty", the words "twenty" and "forty" shall be substituted, respectively.

**Insertion of new section 106B in LXIII of**

**4.** In the principal Act, after section 106A, the following section shall be inserted, namely:-

**Compounding of offences.**

"**106B.** The State Government may, by notification in the *Official Gazette*, specify such offences, which shall be compounded by such officer or authority for such amount as may be specified in the said notification:

Provided that such amount shall not exceed the maximum amount of fine fixed for the offence:

Provided further that where the offence is so compounded –

(a) before the institution of the prosecution, the offender shall not be liable to prosecution, for such offence;

(b) after the institution of the prosecution, the compounding shall amount to acquittal of the offender:

Provided also that no offence shall be compounded if a factory is involved in a hazardous process as specified in Chapter IV and Chapter IVA. ".

**Repeal and saving.**

**5.** (1) The Factories (Gujarat Amendment) Ordinance, 2020 is hereby repealed. **Guj. Ord. 6 of 2020.**

(2) Notwithstanding such repeal, anything done or any action taken under the principal Act as amended by the said Ordinance, shall be deemed to have been done or taken under the principal Act as amended by this Act.

## STATEMENT OF OBJECTS AND REASONS

Under sub-clauses (i) and (ii) of clause (m) of section 2 of the Factories Act, 1948 “factory” has been defined as any premises, including the precincts thereof (i) whereon ten or more workers are working, or were working on any day of the preceding twelve months, and in any part of which a manufacturing process is being carried on with the aid of power, or is ordinarily so carried on, or (ii) whereon twenty or more workers are working, or were working on any day of the preceding twelve months, and in any part of which a manufacturing process is being carried on without the aid of power, or is ordinarily so carried on. Because of the existing limit, small units are also covered under the definition of “factory”. Due to increase in manufacturing activities by small units in the State, the existing threshold limit of “ten” and “twenty” is proposed to be amended by “twenty” and “forty” respectively, so that establishing of small manufacturing units be promoted resulting in creation of more employment opportunities for workers. Consequently, the existing section 85 of the Act is proposed to be amended.

The Factories Act, 1948 does not provide for compounding of offences and it results in higher number of prosecution cases. For speedy disposal of offences and to minimise the number of litigation, a new provision, *i.e*. section 106B is also proposed to be inserted in the said Central Act of 1948 for compounding of offences.

As the Legislative Assembly of the State of Gujarat was not in session, at that time, the Factories (Gujarat Amendment) Ordinance, 2020 was promulgated to achieve the aforesaid objects.

This Bill seeks to replace the said Ordinance by an Act of the State Legislature.

**DILIPKUMAR THAKOR,**

## MEMORANDUM REGARDING DELEGATED LEGISLATION

This Bill provides for delegation of legislative power in the following respect:--

***Clause 4.-*** New section 106B proposed to be inserted in the Factories Act, 1948 by of this clause empowers the State Government to specify, by notification in the *Official Gazette,* such offences which shall be compounded by such officer or authority for such amount not exceeding the maximum amount of fine fixed for such offence.

The delegation of legislative power, as aforesaid, is necessary and is of a normal character.

Dated the 11th September, 2020. **DILIPKUMAR THAKOR.**

## *ANNEXURE*

## EXTRACT FROM THE FACTORIES ACT, 1948.

## ( LXIII of 1948)

**2.** (a) to (l) XXX XXX XXX **Interpretation.**

(m) "factory" means any premises including the precincts thereof-

(i) whereon ten or more workers are working, or were working on any day of the preceding twelve months, and in any part of which a manufacturing process is being carried on with the aid of power, or is ordinarily so carried on, or

(ii) whereon twenty or more workers are working, or were working on any day of the preceding twelve months, and in any part of which a manufacturing process is being carried on without the aid of power, or is ordinarily so carried on,

**35 of 1952.** but does not include a mine subject to the operation of the Mines Act, 1952, or a mobile unit belonging to the armed forces of the union, a railway running shed or a hotel, restaurant or eating place.

***Explanation I :*** For computing the number of workers for the purposes of this clause all the workers in different groups and relays in a day shall be taken into account.

***Explanation II:*** For the purposes of this clause, the mere fact that an Electronic Data Processing Unit or a Computer Unit is installed in any premises or part thereof, shall not be construed to make it a factory if no manufacturing process is being carried on in such premises or part thereof;

(n) to (r) XXX XXX XXX

**Power to apply the Act to certain premises.**

**85.** (1) The State Government may, by notification in the *Official Gazette*, declare that all or any of the provisions of this Act shall apply to any place wherein a manufacturing process is carried on with or without the aid of power or is so ordinarily carried on, notwithstanding that-

(i) the number of persons employed therein is less than ten, if working with the aid of power and less than twenty if working without the aid of power, or

(ii) the persons working therein are not employed by the owner thereof but are working with the permission of, or under agreement with, such owner:

Provided that the manufacturing process is not being carried on by the owner only with the aid of his family.

**GUJARAT LEGISLATURE SECRETARIAT**

**GUJARAT BILL NO. 17 OF 2020.**

***A B I L L***

*further to amend the Factories Act, 1948 in its application to the State of Gujarat.*

**[ SHRI DILIPKUMAR THAKOR,
MINISTER FOR LABOUR AND
EMPLOYMENT ]**

**( As published in the Gujarat Government Gazette of 14th September, 2020)**

**D.M.PATEL,**

Secretary,

Gujarat Legislative Assembly.